૪૦૧ /૭,૮૭૫

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૭ જૂન, ૨૦૦૭)**

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫) **સત્સંગ પ્રવેશ : પ્રશ્નપત્ર - ૧** (કુલ ગુણ : ૭૫)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

**વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર - પંદરમી આવૃત્તિ, ફેબ્રુઆરી ૨૦૦૫**

**પ્રશ્ન.૧. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૯ ગુણ)

૧. ''મોટા પુરુષ પૃથ્વી પરથી કદી જતા નથી.'' ૧૧૨

૨. ''તમારું સૌનું કલ્યાણ કરવા પોતે આવીને તમને દર્શન દેશે.'' ૩૮

૩. ''હું તો તમને આટલું જ આપું છું, પણ વર્ણી તમને ઘણું આપશે.'' ૧૦૦

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૬ ગુણ)

૧. ગોપાળ યોગીની આંખો ધ્યાનમાંથી આપોઆપ ખૂલી ગઈ. ૩૦

૨. નીલકંઠે તાંદળજાની ભાજી તોડવાની ના પાડી ૪૯

૩. શ્રીપુર મઠના મહંત આશ્ચર્યચકિત થઈ ગયા. ૧૨

**પ્રશ્ન.૩. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** (૫ ગુણ)

૧. તેલંગી બ્રાહ્મણનો ઉદ્ધાર (૩૩) ૨. હિમાલય સાથે મેળાપ (૨૩) ૩. ચર્મવારિ પીવાય નહિ (૭૦)

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** (૫ ગુણ)

૧. બદરીનાથના પૂજારી નીલકંઠની સેવા કઈ રીતે કરતા ? ૧૩

૨. સંજોગી બાવાએ નીલકંઠની સેવામાં કોને રાખ્યો ? ૪૩

૩. તપસ્વીઓએ નીલકંઠને શું પૂછ્યું ? ૭

૪. રઘુનંદનને સજીવન કરી વર્ણીએ શું કહ્યું ? ૫

૫. નીલકંઠે શાલિગ્રામ પર રેડેલું જળ ક્યાં ગયું ? ૬૩

**પ્રશ્ન.૫. આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો.** (૪ ગુણ)

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ભગવાનદાસે નીલકંઠના ડાબા ચરણમાં કયાં ચિહ્નો જોયાં ? ૬૦

(૧) ☐ ત્રિકોણ (૨) ☐ ઉર્ધ્વરેખા (૩) ☐ કળશ (૪) ☐ મીન

૨. નીલકંઠ વર્ણીએ કેવી રીતે સેવકરામની સેવા કરી ? ૫૫

(૧) ☐ કેળના પાનની પથારી કરી (૨) ☐ બગડેલાં કપડાં ધોતા.

(૩) ☐ રસોઈ કરીને જમાડતા. (૪) ☐ હજાર શિષ્યોને સેવાની રીત બતાવી.

**પ્રશ્ન.૬. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** (૫ ગુણ)

૧. ................ માં પોતાનો યોગ થશે તેવું નીલકંઠે આકાશવાણી દ્વારા વંશીપુરના રાજાને વરદાન આપ્યું. ૨૦

૨. સુરતમાં નીલકંઠને ............... દિવસના ઉપવાસ થયા. ૬૬

૩. નીલકંઠે વેણીરામને દર્શન આપ્યાં અને ................... ને સજીવન કર્યો. ૫

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૭ જૂન, ૨૦૦૭; પરીક્ષા : સત્સંગ પ્રવેશ-૧; માધ્યમ : ગુજરાતી; સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

**૪૦૧**

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :- ☐☐☐☐☐☐

પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :- ☐☐☐☐

પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

૪. .................... ઋષિ ઊંચે આસને બેસતા અને રામચંદ્ર ભગવાન તેમની પાસે નીચે બેસતા. ૧૦૫
૫. રામાનંદ સ્વામીનો જન્મ સંવત ૧૭૯૫માં .................... ના દિવસે થયો હતો. ૭૮

## વિભાગ-૨ : સત્સંગ વાંચનમાળા ભાગ-૧ - નવમી આવૃત્તિ, ઓગસ્ટ ૨૦૦૬

**પ્રશ્ન.૭. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (૯ ગુણ)**

૧. ''અમને મોટા પુરુષ જાણતા હો તો ન જશો ને તમારું દુઃખ અમારી ગાદી તળે.'' ૫૫
૨. ''કમળશી ભક્તનો ખાટલો લઈને ઝીણાભાઈ જેટલાં ડગલાં ચાલ્યા હતા તેથી બમણાં ડગલાં તેમની નનામી ઉપાડીને અમે ચાલ્યા.'' ૩૦
૩. ''એનો તો મને અંતરમાં ડર લાગે છે.'' ૩૩

**પ્રશ્ન.૮. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (૪ ગુણ)**

૧. ઝીણાભાઈએ ઘરેથી આવેલા કાગળો વાંચ્યા જ નહિ. ૨૭
૨. લાડુદાનજીના આનંદની સીમા ન રહી. ૨

**પ્રશ્ન.૯. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (૫ ગુણ)**

૧. ઝીણાભાઈનો સત્સંગનો ખપ. (૨૮) ૨. દેવાનંદ સ્વામીનું સંગીત અને કાવ્યક્ષેત્રે પ્રદાન. (૧૪)
૩. ધર્મ પાળી સેવા કરે તે મોટો : શ્રીહરિનો જોબનને ઉપદેશ ૩૫

**પ્રશ્ન.૧૦.નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (૪ ગુણ)**

૧. શુકમુનિને શ્રીજીમહારાજનાં કેવાં દર્શન થયાં હતાં ? ૨૧
૨. જીવુબા કોના પુત્રી હતાં ? ૪૦
૩. ખૈયાની શંકા કોણે કઈ રીતે દૂર કરી ? ૬
૪. ત્યાગીની દીક્ષા પામેલા જેઠાભગતને કયું નામ ધારણ કરાવ્યું ? ૪૬

**પ્રશ્ન.૧૧.નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો. (૫ ગુણ)**

**વિષય :- બ્રહ્માનંદ સ્વામીની સાહિત્ય સેવા** ૯

**૧.** છંદ, છપ્પય તો એમના જ. **૨.** મારું શરીર સ્થૂળ છે, તેથી આટલું કંતાન નહિ ચાલે. **૩.** ધામમાં આવવાની ઉતાવળ કરશો નહિ. **૪.** આજે આ રચનાઓના જાણકાર પણ બહુ ઓછા છે. **૫.** પોતાની કવિત્વશક્તિથી ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું. **૬.** મહારાજે દર્શન દઈને પથ્થરની ખાણ બતાવી. **૭.** ગુજરાતી ઉપરાંત બીજી ભાષામાં પણ કરેલી પદરચનાઓ. **૮.** દેવાનંદ સ્વામી અને બીજા સંતો અખંડ તેમની સેવામાં. **૯.** મહારાજની મૂર્તિનાં લગભગ આઠ હજાર કીર્તનો એમણે રચેલાં. **૧૦.** મહારાજનું સર્વોપરીપણું જેવું પ્રવર્તાવો છો તેવું સંપૂર્ણ પ્રવર્તાવશો. **૧૧.** મહારાજની આજ્ઞા પ્રમાણે મૂળીમાં મંદિર બનાવવાનું શરૂ કર્યું.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**પ્રશ્ન.૧૨.નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો. (૪ ગુણ)**

૧. એભલ ખાચર મૂળ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. ૪૧
૨. મહારાજે પાયેલા ઘીથી નિર્ગુણ સ્વામીની પીડા મટી ગઈ. ૪૯
૩. સ્વામી યજ્ઞપ્રિયદાસ 'મોટા સ્વામીના' હુલામણા નામથી ઓળખાવા લાગ્યા. ૫૯
૪. જોબનપગી રોજ જમતી વખતે મહારાજની પ્રસાદીની ભસ્મ લેતા. ૩૭

## વિભાગ-૩ : નિબંધ

**પ્રશ્ન.૧૩.નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (૧૦ ગુણ)**

૧. 'સૌને ચૈતન્ય મૂર્તિ સમજું છું.' યોગીજી મહારાજની જીવનભાવના ૨. સુખી જીવનની ચાવી - વ્યસનમુક્તિ
૩. 'અડસઠ તીરથ સંતને ચરણે' હરિભક્તોની તપશ્ચર્યા અને પદયાત્રીઓની વિશિષ્ટ હારમાળા

**નોંધ : ઉપરોક્ત જે નિબંધની યાદી છે તેમાંથી એક નિબંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ, ૨૦૦૭ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**